**BY E-Mail**

ક્રમાંક:મઉમશબ/શા.નિ/૨૦૨૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૯/૦૧/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજય.

વિષય :- સ્કૂલ રજીસ્ટ્રેશન ૨૦૨૧ ના સંદર્ભે જિલ્લા કક્ષાએ ઉદ્દભવતા પ્રશ્નોના માર્ગદર્શન બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, તા.૧૨/૦૧/૨૦૨૧ થી સ્કૂલ રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવેલ છે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પણ સ્કૂલ રજીસ્ટ્રેશનની ચકાસણી કરી તેને એપ્રુવ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. આ દરમિયાન ધ્યાને આવેલ પ્રશ્નો અને તેના ઉપાય માટે આ સાથે સામેલ **FAQs V 1.0** ધ્યાને લઈ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

<u>બિડાણ :-</u>

- સામેલ **FAQs V 1.0** પત્રક

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બોર્ડ ઓર્ડર

જા.નં.- બોર્ડ/૨૦૨૦-૨૧/૯૯૯૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલીબાગ, વડોદરા,
તા-૩૦-૧-૨૦૨૧

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર ૫૫૧
તારીખ ૩૦/૦૧/૨૦૨૧
સહી

કચેરીની સહી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ તમામ,
જિ. વડોદરા.

D:\HITESH\WORD FILE\શાળા રજિસ્ટ્રેશ – ૨૦૨૧ FAQS\NEW MICROSOFT OFFICE WORD DOCUMENT.DOCX

જાણ તેમજ અમલ કરવું.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**વડોદરા.**

Scanned with CamScanner

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### શાળા રજીસ્ટ્રેશન – ૨૦૨૧ FAQs V 1.0

| ક્રમ | ઉદ્દવતા પ્રશ્નો | ઉપાય | કોઈ ઉપાય ન હોય તો બોર્ડને રજૂઆત કરવા શું કરવું ? |
|---|---|---|---|
| ૧ | શાળા પાસે શાળા રજીસ્ટ્રેશન માટે અપલોડ કરવાનો નોંધણી પત્રની નકલ નથી. | નોંધણી પત્ર એટલે માધ્યમિક શાળાના કિસ્સામાં ધોરણ-૮ અથવા ધોરણ-૯ ના પ્રથમ વર્ગની મંજૂરી વખતે નોંધણી સંદર્ભે આપેલ પત્ર તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના કિસ્સામાં ધોરણ-૧૧ ના પ્રથમ વર્ગની મંજૂરી વખતે નોંધણી સંદર્ભે આપેલ પત્ર હોય તો જે તે શાળાના કિસ્સામાં અપલોડ કરવો.<br>અથવા<br>જૂની માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કિસ્સામાં બોર્ડ દ્વારા અગાઉ આપેલ નોંધણી પ્રમાણપત્ર હોય તો તે પણ માન્ય રહેશે અને તે અપલોડ કરી શકાશે.<br>અથવા<br>જૂની ગ્રાન્ટ-ઈન-એઈડ (અનુદાનિત) શાળાઓના કિસ્સામાં સરકારશ્રી દ્વારા શાળા મંજૂર કર્યાનો પત્ર / ઠરાવ / આદેશ માન્ય હોય તો તે પણ માન્ય રહેશે અને તે અપલોડ કરી શકાશે. | બોર્ડના ઈ-મેઈલ આઈ.ડી gsebhelp@gmail.com પર નીચેના આધારો સાથે રજૂઆત કર્યેથી બોર્ડ આ અંગે કાર્યવાહી કરશે.<br>(૧) શાળાના લેટરહેડ ઉપર રજૂઆત કરવી અને લેટરહેડ ઉપર શાળાના પ્રિન્સિપાલનો મોબાઈલ નંબર તેમજ શાળાનો પત્ર વ્યવહાર માટે ઈ-મેઈલ આઈ.ડી. દર્શાવવું જેથી તે ઈ-મેઈલ ઉપર પ્રત્યુત્તર પાઠવી શકાય.<br>(૨) નીચે જણાવેલ આધારો સામેલ કરવાના રહેશે.<br>(ક) ગ્રાન્ટ-ઈન-એઈડ (અનુદાનિત) શાળાના કિસામાં ગ્રાન્ટ મેમો / છેલ્લા માસના પગાર થયાનો આધાર / માર્ચ-૨૦૨૦ ની પરીક્ષા ફી ભર્યાના ઓનલાઈન ચલણની નકલ / બોર્ડના પરિણામની SR નકલ અને કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા અપાયેલ બીજા કોઈ |



Scanned with CamScanner

| ક્રમ | ઉદ્દવતા પ્રશ્નો | ઉપાય | કોઈ ઉપાય ન હોય તો બોર્ડને રજૂઆત કરવા શું કરવું ? |
| --- | --- | --- | --- |
| | | | પણ મંજૂરીના પત્રો<br>(ખ) નોન ગ્રાન્ટ-ઈન-એઈડ (બિન અનુદાનિત) શાળાના કિસ્સામાં માર્ચ-૨૦૨૦ ની પરીક્ષા ફી ભર્યાના ઓનલાઈન ચલણની નકલ / બોર્ડના પરિણામની SR ની નકલ અને બોર્ડ દ્વારા અપાયેલ બીજા કોઈ પણ મંજૂરીના પત્રો.<br>(ગ) સરકારી શાળાના કિસ્સામાં ગ્રાન્ટ મેમો / છેલ્લા માસના પગાર થયાનો આધાર / માર્ચ-૨૦૨૦ ની પરીક્ષા ફી ભર્યાના ઓનલાઈન ચલણની નકલ / બોર્ડના પરિણામની SR નકલ અને કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા અપાયેલ બીજા કોઈ પણ મંજૂરીના પત્રો. |
| ૨ | શાળા પાસે શાળા રજીસ્ટ્રેશન માટે અપલોડ કરવાનો પ્રથમવારના ઈન્ડેક્ષ નંબરના પત્રની નકલ નથી. | પ્રથમવારના ઈન્ડેક્ષ નંબરના પત્રની નકલ એટલે માધ્યમિક શાળાના કિસ્સામાં ધોરણ-૧૦ પ્રથમ વર્ગની મંજૂરી વખતે અથવા પ્રથમવાર પરીક્ષાના આવેદનપત્રો ભરતા સમયે આપેલ પત્ર તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના કિસ્સામાં ધોરણ-૧૨ પ્રથમ વર્ગની મંજૂરી વખતે અથવા | બોર્ડના ઈ-મેઈલ આઈ.ડી gsebhelp@gmail.com પર નીચેના આધારો સાથે રજૂઆત કર્યેથી બોર્ડ આ અંગે કાર્યવાહી કરશે.<br>(૧) શાળાના લેટરહેડ ઉપર રજૂઆત કરવી અને લેટરહેડ ઉપર શાળાના |



Scanned with CamScanner

| ક્રમ | ઉદ્‌ભવતા પ્રશ્નો | ઉપાય | કોઈ ઉપાય ન હોય તો બોર્ડને રજૂઆત કરવા શું કરવું ? |
|---|---|---|---|
| | | પ્રથમવાર પરીક્ષાના આવેદનપત્રો ભરતા સમયે આપેલ પત્ર હોય તો જે તે શાળાના કિસ્સામાં અપલોડ કરવો.<br>અથવા<br>જુની માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કિસ્સામાં બોર્ડ દ્વારા અગાઉ આપેલ નોંધણી પ્રમાણપત્ર કે જેમાં ઈન્ડેક્ષ નંબર દર્શાવેલ હોય તો તે પણ માન્ય રહેશે અને તે અપલોડ કરી શકાશે. | પ્રિન્સિપાલનો મોબાઈલ નંબર તેમજ શાળાનો પત્ર વ્યવહાર માટે ઈ-મેઈલ આઈ.ડી. દર્શાવવું જેથી તે ઈ-મેઈલ ઉપર પ્રત્યુત્તર પાઠવી શકાય.<br>(૨) નીચે જણાવેલ આધારો સામેલ કરવાના રહેશે.<br>(ક) માર્ચ-૨૦૨૦ ની પરીક્ષા ફી ભર્યાના ઓનલાઈન ચલણની નકલ / બોર્ડના પરિણામની SR ની નકલ અને બોર્ડ દ્વારા અપાયેલ બીજા કોઈ પણ મંજૂરીના પત્રો અથવા ઈન્ડેક્ષ નંબર દર્શાવતો બોર્ડનો કોઈ પણ આધાર |
| ૩ | શાળામાં માધ્યમિક વિભાગમાં એક કરતાં વધુ માધ્યમો ચાલતા હોય અને ઈન્ડેક્ષ નંબર તમામ માધ્યમનો એકજ હોય અને કોઈ એક માધ્યમમાં વિદ્યાર્થી સંખ્યા શૂન્ય હોવાના કારણે કે વર્ગ ઘટાડાના કારણે કે શાળા દ્વારા માધ્યમ બંધ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં સ્કૂલ રજીસ્ટ્રેશન થઈ શકતું નથી. | (૧) સરકારી શાળાઓના કિસ્સાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા વર્ગ બંધ કરવાની / શાળા બંધ કરવાની / માધ્યમ બંધ કરવાની લેખિત દરખાસ્ત બોર્ડને જરૂરી આધારો સહ કરવાની રહેશે.<br>(૨) ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓના કિસ્સાઓમાં શાળા સંચાલક મંડળે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને વર્ગ બંધ કરવાની / શાળા બંધ કરવાની / માધ્યમ બંધ કરવાની | બોર્ડના ઈ-મેઈલ આઈ.ડી gsebhelp@gmail.com પર ઉપાયના ખાનામાં દર્શાવેલ વિગતો મુજબની દરખાસ્ત જરૂરી આધારો સહ કરવાની રહેશે.<br>શાળાના લેટરહેડ ઉપર રજૂઆત કરવી અને લેટરહેડ ઉપર શાળાના પ્રિન્સિપાલનો મોબાઈલ નંબર તેમજ શાળાનો પત્ર વ્યવહાર માટે ઈ-મેઈલ આઈ.ડી. દર્શાવવું જેથી તે ઈ-મેઈલ ઉપર પ્રત્યુત્તર પાઠવી શકાય. |



Scanned with CamScanner

| ક્રમ | ઉદ્‌ભવતા પ્રશ્નો | ઉપાય | કોઈ ઉપાય ન હોય તો બોર્ડને રજૂઆત કરવા શું કરવું ? |
|---|---|---|---|
| | | લેખિત દરખાસ્ત કરીને જિલ્લા શિક્ષણાધિકારી મારફતે બોર્ડને જરૂરી આધારો સહ મોકલવાની રહેશે.<br>(3) નોન ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓના કિસ્સાઓમાં શાળા સંચાલક મંડળે વર્ગ બંધ કરવાની / શાળા બંધ કરવાની / માધ્યમ બંધ કરવાનો ઠરાવ સાથે બોર્ડને લેખિત દરખાસ્ત કરીને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તે દરખાસ્તની નકલ મોકલવાની રહેશે.<br>આમ, ઉપર મુજબની દરખાસ્ત મળ્યેથી બોર્ડ દ્વારા નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. | |
| ૪ | શાળામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં એક કરતાં વધુ માધ્યમો / પ્રવાહો ચાલતા હોય અને ઈન્ડેક્ષ નંબર તમામ માધ્યમો / પ્રવાહોના એક જ હોય અને કોઈ એક માધ્યમ / પ્રવાહમાં વિદ્યાર્થી સંખ્યા શૂન્ય હોવાના કારણે કે વર્ગ ઘટાડાના કારણે કે શાળા દ્વારા માધ્યમ / પ્રવાહ બંધ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં સ્કૂલ રજીસ્ટ્રેશન થઈ શકતું નથી. | (૧) સરકારી શાળાઓના કિસ્સાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા વર્ગ બંધ કરવાની / શાળા બંધ કરવાની / માધ્યમ બંધ કરવાની લેખિત દરખાસ્ત બોર્ડને જરૂરી આધારો સહ કરવાની રહેશે.<br>(૨) ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓના કિસ્સાઓમાં શાળા સંચાલક મંડળે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને વર્ગ બંધ કરવાની / શાળા બંધ કરવાની / માધ્યમ બંધ કરવાની લેખિત દરખાસ્ત કરીને જિલ્લા | બોર્ડના ઈ-મેઈલ આઈ.ડી gsebhelp@gmail.com પર ઉપાયના ખાનામાં દર્શાવેલ વિગતો મુજબની દરખાસ્ત જરૂરી આધારો સહ કરવાની રહેશે.<br>શાળાના લેટરહેડ ઉપર રજૂઆત કરવી અને લેટરહેડ ઉપર શાળાના પ્રિન્સિપાલનો મોબાઈલ નંબર તેમજ શાળાનો પત્ર વ્યવહાર માટે ઈ-મેઈલ આઈ.ડી. દર્શાવવું જેથી તે ઈ-મેઈલ ઉપર પ્રત્યુત્તર પાઠવી શકાય. |



Scanned with CamScanner

| ક્રમ | ઉદ્દ્ભવતા પ્રશ્નો | ઉપાય | કોઈ ઉપાય ન હોય તો બોર્ડને રજૂઆત કરવા શું કરવું ? |
|---|---|---|---|
| | | શિક્ષણાધિકારી મારફતે બોર્ડને જરૂરી આધારો સહ મોકલવાની રહેશે.<br>(3) નોન ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓના કિસ્સાઓમાં શાળા સંચાલક મંડળે વર્ગ બંધ કરવાની / શાળા બંધ કરવાની / માધ્યમ બંધ કરવાનો ઠરાવ સાથે બોર્ડને લેખિત દરખાસ્ત કરીને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તે દરખાસ્તની નકલ મોકલવાની રહેશે.<br>આમ, ઉપર મુજબની દરખાસ્ત મળ્યેથી બોર્ડ દ્વારા નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. | |
| ૫ | માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રવાહ કે માધ્યમ બંધ થતા બંધ થયેલ પ્રવાહ કે માધ્યમના અગાઉના વર્ષમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓના આવેદનપત્રો કેવી રીતે ભરવા ? | માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રવાહ કે માધ્યમ બંધ થતા બંધ થયેલ પ્રવાહ કે માધ્યમના અગાઉના વર્ષમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને દરખાસ્ત કરી નજીકની જે તે પ્રવાહ / માધ્યમની અન્ય માન્ય શાળા મારફતે ભરવાની પરવાનગી મેળવવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીએ આવા કિસ્સામાં પરવાનગી આપીને બોર્ડની કચેરીનું અનુમોદન મેળવી લેવાનું રહેશે. | ------ |



Scanned with CamScanner

| ક્રમ | ઉદ્દવતા પ્રશ્નો | ઉપાય | કોઈ ઉપાય ન હોય તો બોર્ડને રજૂઆત કરવા શું કરવું ? |
|---|---|---|---|
| ૬ | ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાના કિસ્સામાં મકાન ભાડાનું હોય તેવા કિસ્સામાં કયો આધાર અપલોડ કરવો ? | ભાડા કરાર અપલોડ કરી શકાશે.<br>અથવા<br>અનુદાન મેળવવા માટે શાળા દ્વારા રજૂ કરવામાં આવતુ ભાડા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર | ------ |
| ૭ | સરકારી શાળા કે જે પોતાના મકાન સિવાય કામચલાઉ ધોરણે ગામની પ્રાથમિક શાળામાં / સ્થાનિક સ્વરાજની સંસ્થા દ્વારા ફાળવવામાં આવેલ મકાનમાં ચાલતી હોય તેવા કિસ્સામાં કયો આધાર અપલોડ કરવો ? | સરકારી શાળા કે જે પોતાના મકાન સિવાય કામચલાઉ ધોરણે ગામની પ્રાથમિક શાળામાં / સ્થાનિક સ્વરાજની સંસ્થા દ્વારા ફાળવવામાં આવેલ મકાનમાં ચાલતી હોય તેવા કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી / સ્થાનિક સ્વરાજની સંસ્થાના સક્ષમ સત્તાધિકારી દ્વારા મકાન ફાળવણી માટેનો આદેશ / પત્રની નકલ અપલોડ કરી શકાશે. | ------- |

Scanned with CamScanner